બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૧૦૦

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવીણ - ૨

(સમય : બપોરે ૨ થી ૫) (રવિવાર, ૪ માર્ચ, ૨૦૧૨)

નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.
(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.
(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.

☞ અગત્યની સૂચના ☜

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ | ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '૦' (આંકડામાં શૂન્ય) લખવું.
ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.

(વિભાગ - ૧ : કિશોર સત્સંગ પ્રવીણ, આઠમી આવૃત્તિ - એપ્રિલ, ૨૦૧૦)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

☞ **નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. **"હવે તમારી સેવામાં રહેવું છે, માટે અમોને દીક્ષા આપો." (૧૭/૫૩)** ➪ બે બ્રાહ્મણો - મહારાજને

➪ ઘણાં તીર્થોમાં ફરી દ્વારકા જતાં ભુજમાં આવ્યાં. ત્યાં સદાવ્રત આપતાં મહારાજનાં દર્શનથી તેમના અંતરમાં પરમ શાંતિનો અનુભવ થતાં તેઓ મહારાજને કહે છે.

૨. **"હું ત્યાગી થવા ગઢડે જઉં છું." (૧૯/૬૦)** ➪ રાજાભાઈ - પડોશીને

➪ રાજાભાઈની પત્નીએ સંતોને રસોઈની સામગ્રી આપી નહિ તેથી રાજાભાઈને થયું આપણી મરજી જો તેને સાચવવી ન હોય તો આપણે પણ સંસારમાં રહેવું નકામું છે. તેમ વિચારી ગઢડા જતાં ઘરની ચાવી પાડોશીને આપતાં કહ્યું.

૩. **"તમને સંસારનું બંધન અડશે નહિ." (૨૯/૮૬-૮૭)** ➪ શ્રીજીમહારાજ - મૂળજી તથા કૃષ્ણજીને

➪ પોતાના મનને શિખામણ આપી સાધુ થવા તૈયાર થઈ મહારાજ પાસે આવીને બંને જણાએ મહારાજ પાસે આવી કેડિયાની કસો તોડવા માંડી. હવે કયાં પહેરવું જ છે. તેમનો આવો ઉત્કૃષ્ટ વૈરાગ્ય જોઈને મહારાજે ઉપર પ્રમાણે કહ્યું. (૮૯)

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ ત્રણ વિષે કારણ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૯)**

૧. **આ ને આ જન્મે ઉત્તમ ભક્ત થવાય. (૧૪/૪૪-૪૫)** શ્રીજીમહારાજે વચનામૃત વર.૫માં કહ્યું છે, 'જેમ ભગવાનની માનસી પૂજા કરે તેમજ જે ઉત્તમ હરિભક્ત હોય તેની પણ પ્રસાદીએ કરીને માનસી પૂજા કરે... એવી રીતે ઉત્તમ લક્ષણવાળા જે સંત તેની અતિ પ્રેમે કરીને સરખી સેવા જે કરે તે કનિષ્ઠ ભક્ત હોય ને બે જન્મે તથા ચાર જન્મે તથા દસ જન્મે કે સો જન્મે કરીને ઉત્તમ ભક્ત જેવો થનારો હોય તે આ ને આ જન્મે કરીને ઉત્તમ ભક્ત થાય છે. એવું ભગવાન ને ભગવાનના ભક્ત તેની સરખી સેવા કર્યાનું ફળ છે. આ વચનાનુસાર ભગવાનના ઉત્તમ ભક્ત ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ કે વર્તમાનકાળે પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની શ્રીજીમહારાજની સાથે માનસી પૂજા કરવાથી આ ને આ જન્મે ઉત્તમ ભક્ત બની શકાય.

૨. **કૃપાનંદ સ્વામીના મંડળમાં સૌને સહેજે નિયમ-ધર્મની દૃઢતા રહેતી. (૧૭/૫૪)** કૃપાનંદ સ્વામીને પંચવિષયની અતિશય અરુચિ હતી. દેહનો પણ સંપૂર્ણ અનાદર હતો. આ લોકના કોઈ પદાર્થ તેમને બંધન કરી શકતા નહિ. ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે 'બીજાને તો પદાર્થે કરીને રાજી કરીએ પણ મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી કોઈ રીતે પદાર્થે કરીને રાજી ન થાય. તેમની પાસે દીન થઈએ તો જિતાય.' બધાના મંડળમાં પોલ નભે પણ કૃપાનંદ સ્વામીના મંડળમાં પોલ નભે નહિ. કારણ કૃપાનંદ સ્વામી એવો ખટકો રાખી સૌને વર્તાવતા. દર અઠવાડિયે સાધુની ઝોળીઓ તપાસતા. તેથી તેમના મંડળમાં સૌને સહેજે જ નિયમ-ધર્મની દૃઢતા રહેતી.

૩. **વાણિયાઓએ શ્રીજીમહારાજની માફી માંગી. (૨૮/૮૫)** બંધિયાના વાણિયા મહારાજને મળવા ગઢડા આવ્યા ત્યારે મહારાજે પોતાના ભક્તરાજ ડોસાભાઈના ખબર પૂછ્યા. ત્યારે વાણિયા કહે 'અમે તો ગળા સુધી સંસારમાં બૂડેલા છીએ પણ તમારા ડોસાભાઈ તો ચોટલી સુધી સંસાર-વ્યવહારમાં ડૂબેલા છે. તે ભગવાન ભજવા નવરા થતા જ નથી. તમારા સત્સંગી છે તેથી વખાણ કરો છો. ત્યારે મહારાજે કહ્યું : 'ડોસાભાઈને સાધુ કરીએ તો તમે સત્સંગી થશો ?' વાણિયાઓએ વિચાર્યું કે હમણાં ડોસાભાઈએ ગામની બધી જ વાડીના ગોળનું સાટું કર્યું છે તેથી આવો લાભ છોડી સાધુ થશે નહિ. તેથી મહારાજને હા પાડી. મહારાજે તેમને લગ્ન પતી ગયા પછી પાછા વળતાં મળવાનું કહ્યું. મહારાજે ભગુજીની સાથે સાધુનાં વસ્ત્રો અને ચિઠ્ઠી ડોસાભાઈ પર મોકલ્યા. ડોસાભાઈએ ભગુજીને જોઈ દંડવત્ કર્યાં ને મહારાજની આજ્ઞા પૂછી. મહારાજની ચિઠ્ઠી વાંચી ડોસાભાઈએ ભગવાં વસ્ત્રો પહેરી લીધાં અને મહારાજ પાસે આવ્યા. આ બાજુ વાણિયાઓ પાછા વળતાં ગઢડે આવ્યા. મહારાજ પાસે સાધુના વેશમાં બેઠેલ ડોસાભાઈને જોઈને તેઓ આશ્ચર્ય પામ્યા અને ડોસાભાઈ વિષે ગમે તેમ બોલવા બદલ મહારાજની માફી માંગી.

૪. **કુબેરદાસ ત્યાગી થવાને બદલે ગૃહસ્થાશ્રમમાં રહ્યા.** (૪/૧૩) કલ્યાણદાસ દીક્ષા લઈ અદ્ભૂતાનંદ સ્વામી બન્યા. મહારાજની આજ્ઞાથી તેઓ પોતાના વતન કડુ અને સસરાના ગામ મેથાણમાં જઈને ભીક્ષા માગી આકરી કસોટીમાંથી પસાર થયા. તેમનાં પત્નીએ જીવનપર્યંત બ્રહ્મચર્યવ્રત પાળીને પ્રભુભક્તિમાં જીવન વ્યતીત કર્યું. પરંતુ તેમના ભાઈ વજુભાઈ તેમને ઘેર તેડી લાવવાના આશયથી વરતાલ આવ્યા. સ્વામીએ તેમને પાંચ દિવસ રોકી વૈરાગ્યની એવી વાતો કરી કે તેઓએ ત્યાં જ દીક્ષા લઈ લીધી. તેમનું નામ નિષ્કામાનંદ પાડ્યું. વજુભાઈ ઘેર ન આવતાં બીજાભાઈ વિઠ્ઠલભાઈ તેમને લેવા ગયા. તેમનું અંતર પણ સ્વામીની વાતોથી વીંધાઈ ગયું. તેઓ પણ દીક્ષા લઈ ચૈતન્યાનંદ સ્વામી (નાના) બન્યા. ચોથાભાઈ કુબેરદાસ પણ ઉદાસ થઈ ગયા હતા પણ સમગ્ર કુટુંબનો ભાર તેમને શિરે હોવાથી શ્રીજીમહારાજે તેમને ગૃહસ્થાશ્રમમાં જ રાખ્યા.

**પ્ર.૩ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

૧. **અલૈયાખાચર (૭/૧૮-૧૯) અથવા (૧)** ગઢપુરમાં શ્રીજીમહારાજના સાન્નિધ્યમાં સભા ભરાઈને બેઠી હતી. તે વખતે શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને પ્રશ્ન પૂછયો કે દાદાખાચર, સુરાખાચર, નાજાજોગિયા, સોમલાખાચર, અલૈયાખાચર વગેરે હરિભક્તોમાં શ્રેષ્ઠ કોણ ? મુક્તાનંદ સ્વામીએ પોતાની સરળ પ્રકૃતિ પ્રમાણે સાહજિકતાથી દાદાખાચર શ્રેષ્ઠ હરિભક્ત છે તેમ જણાવ્યું. માની સ્વભાવના અલૈયાખાચરને થયું કે મારી ગણતરી શ્રેષ્ઠ હરિભક્તોમાં જ થવી જોઈતી હતી. પરંતુ બીજા નંબરમાં જરૂર થશે. પરંતુ મુક્તાનંદ સ્વામીએ બીજો નંબર સુરાખાચરને અને ત્રીજો નંબર સોમલાખાચરને આપ્યો. આ સાંભળતા જ અલૈયાખાચરને માનખંડન જેવું લાગ્યું. ક્રોધથી કંપતા કંપતા એકદમ લાલચોળ થઈ ગયા. એકદમ આવેશમાં આવી ગયા અને વેગમાં ને વેગમાં જ તેમનો હાથ તલવારની મૂઠ પર ગયો. પંચવિષયનો અત્યંત અભાવ ન થયો હોય.... તો મુક્તાનંદ સ્વામી જેવાનું માથું શસ્ત્રે કરીને મૂકાવા તૈયાર થઈ ગયા. **(૨)** એક વખત ઉન્મત ગંગામાં શ્રીજીમહારાજ સ્નાન કરતા હતા ને ડૂબકી દાવની રમત રમતા હતા. ત્યારે શ્રીજીમહારાજે અલૈયાને પાણીમાં ઉછાળી ફાંદ ઉપર વીંટેલી પછેડીની ગાંઠ પગને અંગૂઠે કરીને છોડી નાખી. મહારાજ દૂર જઈને નીકળ્યા. સૌ હસવા લાગ્યા. તેથી અલૈયાખાચરને માનખંડન થયું એમ લાગવાથી શ્રીજીમહારાજ પ્રત્યે જેમ તેમ બોલવા લાગ્યા ને ક્રોધના આવેશમાં એ જ દશામાં મહારાજને છોડીને ચાલી નીકળ્યા. પછી જેટલાને સત્સંગ કરાવ્યો હતો. તેટલાને 'ગઢડે જશો નહિ, ત્યાં તો ભગવાન નથી પણ પૂરબિયો બ્રાહ્મણ છે.' એમ કહીને પાછા પાડ્યા.

૨. **જેતલપુરની ગણિકા (૧૧/૨૯)** જેતલપુરના યજ્ઞમાં અસંખ્ય બ્રાહ્મણો જમાડવાના હોવાથી મહારાજ ઘરોઘર ઘઉં દળવા આપતા - મહારાજ ફરતાં ફરતાં ગણિકાના ઘર પાસે - મહારાજમાં વૃત્તિ સ્થિર - મહારાજ પાસે ઘઉં દળવાની ઈચ્છા બતાવી - બદલામાં શું આપશો ? - મહારાજ આશીર્વાદ આપીએ છીએ. મહારાજે જાતે દળવાની શરત કરી ઘઉં દળવા આપ્યા. ગણિકા નાહીને સ્વચ્છ થઈને પોતાના હાથે જ બધા ઘઉં દળ્યા - હાથમાં ફોલ્લા પડી લોહીના ટશિયા - દળેલાં ઘઉંનો લોટ લઈ મહારાજ પાસે સભામાં આવી. સભાજનોને શંકા જાતે નહિ દળ્યું હોય. મહારાજે હાથ બતાવવા કહ્યું. હાથ જોઈને શંકાનું નિવારણ થયું. મહારાજના આશીર્વાદ 'જા તારૂં મુક્તાનંદ સ્વામી જેવું કલ્યાણ થશે.' બાઈનો ભક્તિભાવ તથા પરિવર્તન જોઈ સભામાં આશ્ચર્ય.

૩. **સંપ્રદાયનાં તીર્થો (૮/૨૨) અથવા** તીર્થોના ત્રણ પ્રકાર - તીર્થોની મહત્તા - ત્રણ પ્રકાર - **(૧) નિત્ય તીર્થ** : સૃષ્ટિના પ્રારંભથી દિવ્ય પાવનકારી ગુણો છે તેને યોગે કરીને નિત્ય તીર્થ કહેવાય દા.ત. કૈલાસ, માનસરોવર, ગંગા, યમુના, નર્મદા વગેરે આ તમામ સ્થાવર તીર્થ પણ કહેવાય. **(૨) ભગવદીય તીર્થ :** ભગવાનના અવતાર થયા હોય. તેમણે લીલા કરી હોય, ભક્તોને દર્શન આપ્યાં હોય તે ભગવદીય તીર્થ (ભગવાન સંબંધી) કહેવાય. ભગવાન નિત્ય, દિવ્ય, અપાકૃત, ચિન્મય છે. તેમનાં ચરણ સ્પર્શથી ભૂમિ દિવ્ય થઈ જાય છે. છપૈયા, અયોધ્યા, ગઢડા, લક્ષ્મીવાડી, વરતાલ, અમદાવાદ, ડભાણ, જેતલપુર, ધોલેરા, મૂળી, ભૂજ, જૂનાગઢ તથા સૌરાષ્ટ્ર, ગુજરાત અને કચ્છની પંચતીર્થ ભગવદીય તીર્થ કહેવાય. **(૩) સંત તીર્થ :** સંતને પરમાત્મા સાથે અખંડ સંબંધ છે. તેથી તેમના સંબંધમાં આવતી તમામ વસ્તુઓ પર તેનો પ્રભાવ પડે છે અને તીર્થરૂપ બની જાય છે. એવા સંતની જન્મભૂમિ, સાધનાભૂમિ, નિર્વાણ ભૂમિ વિશેષપણે પવિત્ર ગણાય છે. આવા સંત જંગમતીર્થ કહેવાય છે. ભાદરા, મહુવા, મહેળાવ, ધારી, ચાણસદ, બોચાસણ, સારંગપુર, ગોંડલ, અટલાદરા, ગઢડા, અમદાવાદ, સાંકરી વગેરે સ્થળો ભગવત્ સ્વરૂપ સંતના સંબંધે તીર્થત્વ પામ્યા છે.

૪. **સંપ્રદાયનું શાસ્ત્ર - વચનામૃત (૧૨/૩૨)** વચનામૃત એ શ્રીજીમહારાજના શ્રીમુખની અમૃતવાણી છે. ગુજરાતી ભાષાના પ્રથમ ગદ્યગ્રંથ તરીકે પણ સાહિત્યક્ષેત્રમાં પ્રસિદ્ધ છે. શ્રીજીમહારાજે પોતાના આશ્રિત ભક્તોને અનેક સમયે આધ્યાત્મિક રહસ્યોની વાતો કરી છે. શાસ્ત્રોના ગૂઢ રહસ્યો અલ્પજ્ઞ માનવ પણ સમજી શકે તેવી સરળ અને ગ્રાહ્ય ભાષામાં સ્થૂળ દષ્ટાંતો સાથે રજૂ કર્યા છે. હરિભક્તોને મોક્ષમાર્ગમાં મૂંઝવતા પ્રશ્નોના યથાર્થ ઉપદેશ વચનો આપ્યા છે. તેને સંતો અને પરમહંસોએ ઉતારી લઈ સંગ્રહ કર્યો છે. તે જ વચનામૃત ગ્રંથ છે. દરેક વચનામૃતની શરૂઆતમાં શ્રીજીમહારાજનું ધ્યાન થાય તે હેતુથી મહારાજ ક્યા મુખે વિરાજ્યા છે ? કેવા વસ્ત્રાભૂષણો ધારણ કર્યા છે ? તેમજ તિથિ સંવત્ અને સાથેના સંતો હરિભકત વૃંદ વગેરેનું વર્ણન કરી હુબહૂ ચિત્ર રજૂ કર્યુ છે. જેથી મહારાજની વાણી સાંભળતા પહેલા એમની મૂર્તિનું સ્મરણ થાય તેમજ વચનામૃતનું ઐતિહાસિક મૂલ્ય અને પ્રમાણભૂતતા પણ જળવાય છે. વચનામૃતમાં મુખ્યત્વે સ્વધર્મ, આત્મજ્ઞાન, વૈરાગ્ય, મહાત્મ્યે યુક્ત ભક્તિ અને બ્રહ્મ-પરબ્રહ્મના અનાદિ સ્વરૂપનું નિરૂપણ કરેલું છે. ભગવાનની વાણી તે પરાવાણી છે આજે આપણા જીવનના પ્રશ્નોના ઉકેલ તેમાંથી મેળવી વચનામૃતની પ્રમાણિકતા મહારાજે પોતે જ ગ.પ્ર.૬૪માં આપી 'આ જે વાર્તા તે અમે પ્રત્યક્ષ

દેખીને કરી છે.' ગ.મ.૧૩ માં 'આ વાર્તા દંભે કરીને, માને કરીને નથી કરી પણ જે દીઠેલ છે અને અનુભવે કરીને પણ સિધ્ધ કરી છે.' તેમજ છેલ્લાના ૩૯ માં કહ્યું છે, 'આ તો અમારી અજમાવેલ વાત છે, અમે જેમ વર્તીએ છીએ તેમ કહીએ છીએ.' આ ઉપરાંત આ ગ્રંથની વિશેષતા એ છે કે ચાર સંતોએ વચનામૃત ને પુસ્તક રૂપે ગ્રંથિત કર્યા પછી શ્રીજીમહારાજને દેખાડ્યો અને મહારાજે પુસ્તક જોઈને અત્યંત પ્રસન્ન થઈ તેને માન્ય કરેલો ગ્રંથ છે. મહારાજે જે જે ગામમાં ઉપદેશ આપે છે, તે તે ગામના નામ વચનામૃતમાં પ્રકરણો પાડી જોડ્યા છે. તેમાં ગઢડા, પ્રથમ પ્રકરણ-૭૮, સારંગપુરના-૧૮, કારિયાણીના-૧૨, લોયાનાં-૧૮, પંચાળાના-૭, ગઢડા મધ્ય પ્રકરણના-૬૭, વરતાલનાં-૨૦, અમદાવાદના-૩, ગઢડા અત્યં પ્રકરણના-૩૯ એમ કુલ વરતાલની પ્રતમાં ૨૬૨ છે આ ઉપરાંત અમદાવાદ, અસલાલી અને જેતલપુરના-૧૧ સાથે અમદાવાદ દેશની પ્રતમાં કુલ-૨૭૩ વચનામૃત છે. પૃથ્વી ઉપર અવતારો અને મહાપુરુષો પ્રગટ થયા પરંતુ તેમની વાણી પાછળથી તેમના ભક્તો દ્વારા સ્મૃતિને આધારે ગ્રથિત થઈ છે. જ્યારે વચનામૃત એ એવો ગ્રંથ છે. કે તેમાં અક્ષરાધિપતિ પુરુષોત્તમ નારાયણની વાણી યથાવત રૂપમાં ગ્રંથિત થઈ છે. આથી જ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે. 'વચનામૃત સિવાય બીજામાં માલ મનાય છે એ જ મોહ જાણવો.'

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૬)** **☞ નોંધઃ અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. શાસ્ત્રીજી મહારાજ મગનભાઈ માટે શું કહેતા ? (૩૩/૯૬)

જ. 'હું મગનભાઈ દ્વારા આફ્રિકામાં કાર્ય કરી રહ્યો છું, માટે તેમનો સમાગમ કરવો.

૨. શેના વગર કોઈ વાતની સિદ્ધિ થતી નથી ? (૨૩/૬૮) જ. ઉપાસના વગર કોઈ વાતની સિદ્ધિ થતી નથી.

૩. કોણ આત્મસત્તારૂપે વર્તે છે ? (૨૨/૬૮) જ. આજ્ઞામાં વર્તે છે તે જ આત્મસત્તા રૂપે વર્તે છે.

૪. સોમલાખાચર કયા ગામના દરબાર હતા ? (૧૦/૨૭) જ. સોમલાખાચર બોટાદ ગામના દરબાર હતા.

૫. પાર્ષદ પંક્તિના ત્યાગીવર્ગના નિયમોમાં કોણે સુધારો કર્યો છે ? (૫/૧૫)

જ. પાર્ષદ પંક્તિના ત્યાગીવર્ગના નિયમોમાં શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે સુધારો કર્યો છે.

૬. અષ્ટાંગ બ્રહ્મચર્યમાંથી ચાર અંગો જણાવો. (૧/૫)

જ. અષ્ટાંગ બ્રહ્મચર્યના અંગો : (૧) સ્ત્રીની વાત ન સાંભળવી (૨) તેના ગુણનું વર્ણન ન કરવું (૩) હાસ્યવિનોદ ન કરવો, (૪) નિરીક્ષણ ન કરવું, (૫) સ્ત્રી સાથે એકાંતમાં ગુપ્ત વાત ન કરવી, (૬) તેનો સંકલ્પ ન કરવો, (૭) બાળ, યૌવન, વૃદ્ધ, રૂપ-કુરૂપાદિ વિક્તિ ન કરવી તથા (૮) અંગસંગનો ત્યાગ. (આમાંથી કોઈપણ ચાર પરીક્ષાર્થીએ લખ્યાં હશે.)

**પ્ર.૫** '' વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ - ૨૨નું'' (૧૮/૫૬) - **નિરૂપણ લખો. (કુલ ગુણ : ૫)**

**નિરૂપણ** :-શ્રીજીમહારાજ કહે છે : કીર્તન ગાવવાં, ભજન કરવું, ધૂન તથા નામરટણ કરવું તેમાં ભગવાનની સ્મૃતિ રાખીને કરવું, ભગવાનની સ્મૃતિ વિના ગાઈએ તો કદાચિત્ બાહ્ય આનંદ આવે, પણ શાંતિ થાય નહિ માટે સ્મૃતિ સહિત ક્રિયા કરીએ તેમાંથી શાંતિ અને સુખ બંને મળે છે. માત્ર ભજન કરીએ ત્યારે જ ભગવાનનું અનુસંધાન રાખવું તેમ નથી, જીવનની દરેક ક્રિયા કરતાં કરતાં ભગવાનમાં વૃત્તિ રાખવાનો પ્રયત્ન રાખવો. ભગવાનની સ્મૃતિ વિના જે જે ક્રિયા કરીએ તે બંધનરૂપ થાય છે. વળી, બીજી ક્રિયા કરતી વખતે ભગવાનનું અનુસંધાન ન રહે તો ભજનમાં બેસીએ ત્યારે પણ વૃત્તિ સ્થિર ન થાય ને ભજનમાં બેઠા છતાં પંચવિષયના કે જગત-વ્યવહારના સંકલ્પ થયા કરે અને ભજનનું સુખ પણ આવે નહિ. તેથી જ શ્રીજીમહારાજ આપણને આગ્રહપૂર્વક કહે છે કે બધી ક્રિયા ભગવાનને સંભારીને જ કરવી. ભગવાનને સંભારવા જઈએ તો ક્રિયા કેવી રીતે થાય ? એ શંકા કદાચ થાય, પણ જેમ માછલી પાણીમાં રહેવા છતાં ક્રિયા કરે છે તેવી રીતે શુભાશુભ ફળની ઈચ્છા રાખ્યા વિના ઈષ્ટદેવની પ્રસન્નતા અર્થે હું આ ક્રિયા કરું છું, એવું અનુસંધાન રહે એ અખંડ સ્મૃતિ જ છે. આ પ્રમાણે કરવામાં મુશ્કેલી જણાય, પણ ભગવાન અને સંતની કૃપાથી અને સતત અભ્યાસથી ભજન કરતાં કરતાં ક્રિયા કરવાની ટેવ પડે છે.

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ <u>પાંચ</u> સાચાં વાક્યોને શોધી <u>ફક્ત નંબર</u> લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ : જવાબમાં આપેલાં અંક કોઈપણ ક્રમમાં લખેલા હોય અને જેટલા સાચા હોય તેટલા જ ગુણ આપવા.**

**વિષયઃ** રામબાઈ (૨૪/૭૩) જ. ૨, ૫, ૭, ૮, ૧૦

**પ્ર.૭ નીચે આપેલી પંક્તિ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૮)** **☞ નોંધ : કીર્તન અડધું સાચું હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. કલ્પતરુ સર્વના સંકલ્પ સત્ય કરે, પાસે જઈ પ્રીતશું સેવે જયારે;
તેમ જે પ્રગટ પુરુષોત્તમ પ્રીછશે, થાશે હરિજન તત્કાળ ત્યારે. (૬/૧૬)

૨. દેશો મા દેહ સુખ સંયોગ, દેશો મા હરિજનનો વિયોગ; દેશો મા હરિજનનો અભાવ, દેશો મા અહંકારી સ્વભાવ.
દેશો મા સંગ નાસ્તિકનો રાય, મેલી તમને જે કર્મને ગાય; એ આદિ નથી માગતા અમે, દેશો મા દયા કરીને તમે. (૨૬/૭૭)

૩. રટત દશશતવદન નિગમ આગમ સદા, જયસિ ત્વં નમત સુર શીશ નામી,
જયસિ ત્વં ભજત મુનિ ભક્ત નિષ્કામ જન, જયસિ દાતાર કૈવલ્યધામી (૨/૯)

૪. વહાલા તારી આંગળીઓની રેખા નખમણિ જોઈને રે લોલ,
વહાલા મારા ચિત્તમાં રાખું ચોરી કહું નહિ કોઈને રે લોલ.
વહાલા તારા ઉરમાં અનુપમ છાપ જોવાને જીવ આકળો રે લોલ.
વહાલા મારા હૈડે હરખ ન માય જાણું જે હમણાં મળો રે લોલ. (૨૧/૬૪)

**પ્ર.૮ નીચે આપેલાં જનમંગલનામાવલિ / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ :- જનમંગલનામાવલિ / અષ્ટક / શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. जनमङ्गलस्तोत्रम् : વાગ્મિને નમઃ, ચતુર્વર્ગફલપ્રદાય નમઃ, નિર્મત્સરાય નમઃ, ભક્તવર્મણે નમઃ, બુદ્ધિદાત્રે નમઃ, અતિપાવનાય નમઃ, અબુદ્ધિહૃતે નમઃ, બ્રહ્મધામદર્શકાય નમઃ (૧૫/૪૯)

૨. न रोधयति मां योगो, न सांख्यं धर्म एव च । न स्वाध्यायस्तपस्त्योगो नेष्टापूर्तं न दक्षिणा ॥ (૩૨/૯૪)

૩. **ગુજરાતી ભાષાંતર :** બ્રહ્મભાવને પ્રાપ્ત થયેલો ને પ્રસન્નચિત્ત મનુષ્ય કશાનો શોક કરતો નથી કે કશાની આકાંક્ષા કરતો નથી અને સર્વ ભૂતોમાં સમભાવથી રહેતો થકો મારી પરમ ભક્તિને પામે છે. (૩૨/૯૧)

**(વિભાગ - ૨ : ગુણાતીતાનંદ સ્વામી, નવમી આવૃત્તિ, ઑગસ્ટ - ૨૦૧૦)**

**પ્ર.૯ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''તમે ખરું કહો છો. મૂળજી બહુ પ્રતાપી છે.'' (૩/૭) ➫ રામાનંદ સ્વામી - વર્ણીને (નીલકંઠ વર્ણી)

➫ મૂળજી ભક્ત સાથેના પ્રથમ મેળાપ વખતે તેમને ભેટીને વર્ણીએ કહ્યું 'આ મૂળજી ભક્તને અમારા સાથે અખંડ એકત્વભાવ છે અને ભવિષ્યમાં તે અમારો મહિમા વિસ્તારશે' ત્યારે કહે છે.

૨. ''તમારી ભક્તિથી વરસાદ થયો.'' (૧૬/૩૨) ➫ મહારાજ- સ્વામીને (ગુણાતીતાનંદ સ્વામીને)

➫ ઉમરેઠમાં મહારાજની આજ્ઞાથી સ્વામીએ એક કલાક સુધી ઊભા ઊભા કીર્તન ગાયા. સભા પછી તરત જ વરસાદ પડ્યો. તે સમયે રાજી થયેલા મહારાજ બોલ્યા.

૩. ''જેથી ફરીને આ ગામમાં પગ મૂકે નહિ.'' (૧૩/૨૮) ➫ ઉગો ખુમાણ - પોતાના માણસોને

➫ કૃપાનંદ સ્વામી સાથે સ્વામી અને સંતો જૂના સાવરમાં ઝોળી માગવા નીકળ્યા. ત્યારે ભેખના શબ્દોથી ભરમાયેલો ગામ ધણી ઉગો ખુમાણ બોલે છે.

**પ્ર.૧૦ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ ત્રણ વિષે કારણ લખો. (નવેક લીટીમાં) (કુલ ગુણ : ૯)**

૧. **ઘર બાળવા ગયેલા મૂળજી ભક્તને શ્રીજીમહારાજે પાછા બોલાવ્યા. (૫/૧૪-૧૫)** ખેતરમાં શ્રીજીમહારાજનાં દર્શન થતાં જ મૂળજી ભક્ત ગઢડામાં મહારાજ પાસે પહોંચી જાય છે. મહારાજ પાસે દીક્ષા આપી સેવામાં રહેવા દેવાની યાચના કરે છે. મૂળજી ભક્તની સ્થિતિની સૌને જાણ કરવા સારું મહારાજે તેમને પૂછ્યું, ''તમે તમારું ઘર બાળીને આવ્યા છો ? કે એમને એમ રાખીને ?'' મૂળજીએ સરળતાથી કહ્યું, ''મહારાજ ! એ તો એમ ને એમ છે.'' ત્યારે મહારાજે કહ્યું, ''જાઓ બાળીને આવો, પછી સાધુ કરીએ.'' મહારાજનો આદેશ થતાં જ મૂળજી ભક્ત ભાદરા પાછા જવા નીકળ્યા. મહારાજ જાણતા હતા કે મૂળજી ભક્ત જરૂર ઘર બાળીને આવશે. તેથી તરત તેમણે મૂળજી ભક્તને પાછા બોલાવવા ભગુજીને મોકલ્યા.

૨. **માવા ભક્તનું દારિદ્રય ટળી ગયું. (૪૦/૬૬)** આર્થિક રીતે ખૂબ દુર્બળ માવાભાઈએ સ્વામીશ્રી પાસે આવીને પ્રાર્થના કરી. સ્વામીએ તેમને બજારમાંથી દાળિયા અને મમરા લાવી આપવાનું કહ્યું. રસ્તામાં મળેલા મિત્ર મુસાભાઈએ પણ એક આનો આપી પ્રસાદી લાવી આપવાનું કહ્યું, સ્વામીએ ઠાકોરજીને ધરાવી બે દાણા જમીને કહ્યું, 'કરાંચી જઈને કોન્ટ્રાકટનો ધંધો કરો.' મુસાભાઈનો પણ ભાગ રાખવાનું કહ્યું. કરાંચી પહોંચતા સ્વામીની દયાથી બંદરનું મોટું કામ મળતાં ખૂબ કમાયા અને સ્વામીશ્રીના આશીર્વાદથી માવા-મુસાની કંપની જામી ગઈ.

૩. **શ્રીજીમહારાજ ગુણાતીતાનંદ સ્વામીને ઓગણીસ વાર ભેટ્યા (૧૨/૨૭)** વરતાલ સમૈયામાં જતાં કારિયાણીમાં ઓગણીસ સંતો માંદા પડ્યા. તેમની સેવા કરવા રહેનારને સો (૧૦૦) સમૈયાનું ફળ આપવાનું મહારાજે કહ્યું. ગુણાતીતાનંદ સ્વામી આ સંતોની સેવામાં રહ્યા. સંતો સાજા થતા સ્વામી વરતાલ ગયા ત્યારે મહારાજ રાજી થઈને ઓગણીસ વાર સ્વામીને ભેટ્યા.

૪. **ગુણાતીતાનંદ સ્વામીએ હરિસ્વરૂપદાસને હાર પહેરાવ્યો. (૪૮/૭૭)** સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર છે, એ વાતનો પ્રચાર સ્વામીની ઈચ્છાથી સત્સંગમાં પ્રાગજી ભક્તે શરૂ કર્યો હતો. આ વાત કેટલાકને રુચતી નહિ, એટલે સં. ૧૯૨૨ની સાલમાં ચૈત્રી પૂનમના સમૈયા ઉપર સૌએ સ્વામીને ઠપકો દેવાનું વિચાર્યું, પૂનમના દિવસે સવારની સભામાં શુકમુનિના શિષ્ય હરિસ્વરૂપદાસજીની શિખામણથી ગઢડાનાં કરુણાનંદ બ્રહ્મચારીએ સભામાં કહ્યું કે, 'ગુણાતીતાનંદ સ્વામી ભગવાનની જેમ પૂજાય છે. પણ તેમને કેમ કોઈ કાંઈ કહેતું નથી?' ત્યારે શુકમુનિએ પણ કહ્યું 'મને કોઈએ શુકજી કહેવો નહિ અને આ ગુણાતીતાનંદ સ્વામીને અક્ષર કહેવા નહિ. ત્યારે સ્વામી ધીર ગંભીર સ્વરે બોલ્યા કે, 'પ્રભુ તો એક શ્રીજીમહારાજ છે, બીજા કોઈથી પ્રભુ થવાશે નહિ. આપણે તો સાધુ છીએ. પણ જેટલામાં રાજાનું રાજ્ય, તેટલામાં રાણીનું રાજ્ય હોય. જેવો રાજાનો

હુકમ ચાલે, તેવો રાણીનો પણ હુકમ ચાલે અને જેવો ભગવાનનો પ્રતાપ તેવો સાધુનો પણ પ્રતાપ કહેવાય.' ત્યાર બાદ શણગાર આરતી પછી સ્વામી સાધુની ધર્મશાળામાં જતા હતા, ત્યાં સામે હરિસ્વરૂપદાસ મળ્યા, ત્યારે સ્વામીએ પોતાની કોટમાંથી હાર કાઢીને તેને પહેરાવતાં બોલ્યા : 'હળદી જરદી નવ તજે, ખટરસ તજે ન આમ, ગુણીજન ગુણકો નવ તજે, અવગુણ ન તજે ગુલામ.'

**પ્ર.૧૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

૧. **સત્સંગમાં અક્ષરબ્રહ્મનું પ્રવર્તન. (૩૦/૫૧)** (૧) જૂનાગઢમાં જન્માષ્ટમીની સભામાં ગોપાળાનંદ સ્વામીએ વાત કરતાં કહ્યું 'તમે બધા સ્વામીને જેવા છે તેવા ઓળખતા નથી.' મને મહારાજે શ્રીમુખે સ્વામીનો મહિમા કહ્યો છે કે આ ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે એમ કહી ભાદરાના હરિભક્તો પાસે પણ મહારાજે સૌ પ્રથમ સ્વામીનો મહિમા કહ્યો હતો તેની વાત કરાવી. (૨) ધ્યાન કરતાં ઘનશ્યામદાસ (નાજા જોગિયા) ને સ્વામીએ કહ્યું, ધ્યાન કરો છો કે ગોટા વાળો છો ? ધ્યાન કરતા હતા કે ગઢડામાં ધોળા તલકાંવાળી ભેંસના માથે હાથ ફેરવતા હતા ? ત્યારે ઘનશ્યામદાસે કહ્યું : 'સ્વામી ! મારા અંતરમાં એવો ભાવ હતો કે તમે હજુ ખંડિયા છો પણ આજે નિશ્ચય થયો કે તમો ખરા ચક્રવર્તી છો અને મહારાજનું સાક્ષાત્ સ્વરૂપ છો. હવે તમે અક્ષર સાચા ! (૩) વરતાલ ચૈત્રી પૂનમના સમૈયામાં ગોપાળાનંદ સ્વામી ભોયકાના માલજી સોનીના પ્રશ્નના જવાબમાં કહે છે મેં તને નહોતું કહ્યું કે હું તને અક્ષરધામ બતાવીશ. તે આ ગુણાતીતાનંદ સ્વામી સાક્ષાત્ અક્ષરધામનો અવતાર છે. માટે ઓળખી લેજે. આ વાત શાસ્ત્રીજી મહારાજે માલજી સોની પાસેથી સાંભળેલી ને ઘણા મુમુક્ષુઓને ત્યાં લઈ જઈને સંભળાવેલી.

૨. **જૂનાગઢમાં મંદિરનો આરંભ (૨૨/૪૦)** ઝીણાભાઈ દરબારે જૂનાગઢમાં મંદિર કરવા પોતાનો દરબાર અને વાડી મહારાજને અર્પણ કર્યા. ગઢડામાં મહરાજે સભા કરી જૂનાગઢમાં મંદિર કરવાનો પ્રસ્તાવ સૌની આગળ મૂક્યો. ત્યાં નાગરોની ઉપાધિ હોવાથી કોઈ જવા તૈયાર ન થયું. મહારાજની આજ્ઞાથી સ્વામી જવા તૈયાર થયા. તેમની સાથે સરકારી કામકાજમાં મદદરૂપ થવા માટે બ્રહ્માનંદ સ્વામી પણ ગયા. ગોપાળાનંદ સ્વામી વગેરે સદ્‌ગુરુઓની હાજરીમાં સંવત ૧૮૮૨ના વૈશાખ સુદ ત્રીજને દિવસે સ્વામીના હસ્તે મંદિરનું ખાતમૂહૂર્ત થયું અને બ્રહ્મવિદ્યાના કેન્દ્ર સમા મંદિરનો આરંભ થયો. આનંદ સ્વામી સાથે ગઢડા મહારાજના દર્શને આવેલા સ્વામીશ્રીને મહારાજે જૂનાગઢ જવાની આજ્ઞા કરી. બીજું કોઈ જૂનાગઢની કઠિનાઈઓ વેઠવા તૈયાર ન હતું. સ્વામીની જોડમાં મહારાજે તત્ત્વાનંદને જવાની આજ્ઞા કરી. જતાં પહેલાં સ્વામી મહારાજની રજા લેવા આવ્યા. ત્યારે મહારાજ ક્ષૌર કરાવતા ઊભા થઈ ગયા અને સ્વામીને ભેટીને બોલ્યા : 'તમે જૂનાગઢ જાઓ છો તો લો તમને ભાતું બંધાવીએ એમ કહી સાખી બોલ્યા 'નિર્ગુણ બ્રહ્મ સુલભ અતિ, સગુણ ન જાણે કોઈ, સગુણ ચરિત્ર નાનાવિધિ, સુની મુનિ મન ભ્રમ હોય.' પછી મહારાજે પોતાની પાઘ મંગાવી સ્વામીને પહેરાવી, અપાર હેત બતાવ્યું.

૩. **અનાદિના સેવક (૨૧/૩૭)** મહારાજની આજ્ઞાથી સ્વામી વરતાલમાં કેટલાક માંદા સાધુઓની સેવા કરતા હતા. એકવાર માંદા સાધુઓની ગોદડીઓ સાથે કેટલાક સાજા સાધુઓએ પણ પોતાની ગોદડીઓ ધોવા આપી. સ્વામી અઢાર ગોદડીઓ ગોમતીમાં ધોઈ પોતાના બંને ખભે લઈને મંદિરે આવતા હતા. ત્યારે હનુમાનવાળા દરવાજે મહારાજ મળ્યા અને અલૌકિક દૃષ્ટિમિલન ચાલ્યું. થોડીવારે મહારાજ સભામાં આવી અકળામણ બતાવી કહેવા લાગ્યા કે, 'પેલા સાધુએ મારે માથે ભાર મૂક્યો છે તે લઈ લો. આમ, સ્વામી સાથે પોતાની એક્તા બતાવી. સદ્‌ગુરુ સંતોને બોલાવી કહ્યું, 'આ તો બહુ સમર્થ સાધુ છે. કાં જે જેમ સાણસામાં સાપ પકડે તેમ ત્રણેય અવસ્થામાં અમારી મૂર્તિ એમણે ઝાલી છે.' એમની જેમ બીજાને અમારી મૂર્તિ પકડવી કઠણ છે. આ સાધુ તો અમારા અનાદિના સેવક છે. તેમના દ્વારા અમારી સર્વોપરી ઉપાસના આખા સત્સંગમાં પ્રવર્તશે.

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૬)** **☞ નોંધ :- અડધા સાચા જવાબના ગુણ આપવા નહીં.**

૧. મૂળજી ભક્તનાં માતા-પિતાનું નામ જણાવો. (૧/૨)

જ. મૂળજી ભક્તનાં માતાનું નામ સાકરબા અને પિતાનું નામ ભોળાનાથ હતું.

૨. દ્વેષ કરનાર દરબાર માટે ગુણાતીતાનંદ સ્વામીએ શું સંકલ્પ કર્યો ? (૧૩/૨૯)

જ. 'દરબારને ઘેર દીકરો થાય ને તે સત્સંગી થઈ આપણને દરબારમાં ઉતારે' એવો સંકલ્પ કર્યો.

૩. મહારાજે એકાદશીના પારણાની પ્રસાદી સ્વામીને શા માટે આપી ? (૧૯/૩૫)

જ. સ્વામી પ્રસાદીના લોભે નહિ પણ મૂર્તિના લોભે ઊભા હોવાથી મહારાજે એકાદશીના પારણાની પ્રસાદી સ્વામીને આપી.

૪. શ્રીજીમહારાજે જૂનાગઢની પ્રતિષ્ઠા પછી સૌને શી આજ્ઞા કરી ? (૨૫/૪૩)

જ. વર્ષોવર્ષ એક માસ સ્વામીનો સમાગમ કરવા જે આવશે તેની કરોડ જન્મની કસર હું એક જન્મમાં ટાળી નાખીશ.

૫. કયા કયા સદ્‌ગુરુઓ ગુણાતીતાનંદ સ્વામીની માંગણી કરતા ? (૧૨/૨૭)

જ. સદ્‌ગુરુ કૃપાનંદ સ્વામી, ભાઈ આત્માનંદ સ્વામી, મોટા રામદાસ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે સદ્‌ગુરુઓ ગુણાતીતાનંદ સ્વામીની માંગણી કરતા.

૬. જાગા ભક્તને બ્રહ્મરૂપ થવાના ઉપાયમાં ગુણાતીતાનંદ સ્વામીએ કઈ ત્રણ વાત બતાવી ? (૪૪/૭૧)

જ. ગુણાતીતાનંદ સ્વામીએ જાગા ભક્તને બ્રહ્મરૂપ થવાના ઉપાયમાં સત્પુરુષમાં હેત, વિશ્વાસ અને નિષ્કપટપણું એ ત્રણ વાત બતાવી.

**પ્ર.૧૩ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ટૂંકમાં વર્ણવી ભાવાર્થ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૪)**

☞ **નોંધ :- આ જ ભાવાર્થ હોવો જરૂરી નથી. પરીક્ષકે વિષયને અનુરૂપ ભાવાર્થ છે કે નહીં તે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. પ્રસંગ વર્ણનનાં ૩ ગુણ અને ભાવાર્થનો ૧ ગુણ.**

૧. **જીવની અવળાઈ (૪૧/૬૬)** સ્વામીના સમાગમથી કેટલાય હરિભક્તોને વૈરાગ્યની ચટકી ચડી જતી. સંસાર ઝેર લાગતો - ભાયાવદરના હંસરાજ પટેલનો દીકરો વસ્તો સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ આવતો - તે સ્વામીની વાતોમાં લીન થતાં મુખ પર દિવ્ય આનંદ છવાઈ જતો. પણ સ્વામી તેને ભાયાવદર પાછો મોકલી દેતા. વળી પાછો જૂનાગઢ આવી જતો. એકવાર તેના પિતા તેને લેવા જૂનાગઢ આવ્યા. વસ્તાએ ઘેર જવાની ના પાડી. તેને સાધુ થવું હતું. પણ હંસરાજભાઈએ સાધુ થવાની ના પાડી. વસ્તાને પરાણે ઘેર લઈ ગયા. આ વખતે હંસરાજભાઈએ વસ્તાના બે પગ લાકડાની હેડ્યમાં બાંધી રાખ્યા ને ઓરડાને તાળું મારી પૂરી દીધો. વસ્તો સ્વામિનારાયણ ભજન કરવા લાગ્યો. સ્વામી ત્યાં પ્રગટ થયા. તેણે સ્વામીને જૂનાગઢ લઈ જવા વિનંતી કરી. સ્વામીની દૃષ્ટિથી તે નિરાવરણ બની ગયો. સ્વામીની પાછળ ચાલવા લાગ્યો. જૂનાગઢ સ્વામીને પ્રત્યક્ષ જોઈને દંડવત્ કર્યા. મંદિરની સેવા કરવા લાગ્યો. સવારે હંસરાજભાઈએ ઓરડો ખોલ્યો. તે હેડ્ય વાસેલી પડેલી પણ વસ્તો દેખાયો નહિ. તે જૂનાગઢ સ્વામી પાસે આવ્યા. સ્વામીએ સમજાવ્યા. આખી રાત ધાણી ફૂટે તેવો તાવ આવ્યો અને સવારે વસ્તાએ દેહ મૂકી દીધો. હંસરાજ પટેલ વીલે મોઢે ઘેર પાછા આવ્યા.

**ભાવાર્થ:-** ભગવાનની કૃપાનો પાર નથી ને જીવની અવળાઈનો પણ પાર નથી. સત્પુરુષ જે કંઈ પણ કહે છે તે આપણા સારા માટે જ કહે છે. પણ જીવની અવળાઈને કારણે વાત સમજાતી નથી. આપણે આપણા મનનું ધાર્યું કરવા જઈએ. તો દુઃખ આવે છે. ગુણાતીતાનંદ સ્વામી કહે છે 'મન ધાર્યું કરવું તે કનિષ્ટ છે. સત્પુરુષનું કહ્યું કરવું તે શ્રેષ્ઠ છે.' તે આપણા હિતની જ વાત કરે છે. ''દાસના દુશ્મન હરિ કે દિ' હોય નહિ.''

૨. **સેવા કરે તે મહંત (૪૩/૬૮)** સ્વામી જૂનાગઢમાં બિરાજતા હતા. એકવખત મંદિરમાં તેઓ વાસીદું વાળતા હતા. તે વખતે ત્યાં તરણેતરના મહંત આવ્યા. સ્વામીને તેમણે પૂછ્યું, 'આ જગ્યાના મહંત કોણ છે ?' સ્વામીએ નમ્રતાથી કહ્યું, 'મહંત અંદર ગાદી ઉપર બેઠા હશે.' એમ કહી હાથ-પગ ધોઈ સભા મંડપમાં પધાર્યા. તરણેતરના મહંતને સ્વામીને જોઈને ખૂબ નવાઈ લાગી. તેમણે પૂછ્યું, 'તમે તો હમણાં વાસીદું વાળતા હતા તે તમે જ મહંત છો ?' સ્વામીએ હસતા હસતા કહ્યું, 'અમારે ત્યાં જે સેવા કરે તે જ મહંત હોય છે.' પછી ખીંટીએથી ઝોળી ઉતારીને મહંતને બતાવી. તિલકિયું અને પત્તર લાકડાનાં જ હતાં. તે જોઈને મહંતને ખૂબ નવાઈ થઈ કે મહંત થઈને આવી સેવા કરતા હશે ? આમ સ્વામી મહંત હોવા છતાં નીચામાં નીચી સેવા કરતા.
**ભાવાર્થ :-** કોઈપણ જગ્યાએ વધુ સમય રહેવા માટે નિઃસ્પૃહીતા વધારે જરૂરી છે. જ્યાં દ્રવ્ય અને પદાર્થનો લોભ હોય ત્યાં બીજા બધા જ દૂષણો આવે છે.

૩. **બજારના કાંટા (૩૬/૬૧)** એક વખત સ્વામી વાડીએ પધાર્યા હતા. વસોના વાઘજીભાઈ, સારંગપુરના જેઠાખાચર વગેરે સ્વામીનાં દર્શન કરવા આવ્યા અને દંડવત્ કરવા લાગ્યા. તે વખતે કોઈએ કહ્યું : ''રહેવા દો કાંટો વાગશે.'' ત્યારે સ્વામી બોલ્યા : ''આ કાંટા વાગશે તો સોય અથવા નરણીએ કરીને કઢાશે પણ ઓલ્યા બજારના કાંટા બહુ ભૂંડા. એ જો વાગે તો એને કાઢવાનો કોઈ ઉપાય નથી.'' ત્યારે એક હરિભક્તે પૂછ્યું : ''બજારમાં કાંટા ક્યાંથી હોય ?'' ત્યારે સ્વામીએ હસીને કહ્યું: ''તને એ બજારના કાંટાની ખબર ન પડે. એ બજારમાં તો રૂપનો કાંટો આંખમાં, ગાનતાનનો કાંટો કાનમાં, પાપી જીવના સ્પર્શનો કાંટો ત્વચામાં, પાપી જીવની ગંધનો કાંટો નાકમાં, સંકલ્પ-વિકલ્પનો કાંટો મનમાં, નાના પ્રકારના ટીખળ પેસી ગયાં હોય તેના ચિંતવનના કાંટા ચિત્તમાં એમ અનેક પ્રકારના કાંટા છે.''

**ભાવાર્થ:-** નિયમમાં રહીને સત્પુરુષનો સંગ કરે તેને કાંટા વાગે નહિ.

**પ્ર.૧૪ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

☞ **નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૨, ૩, ૪ (૧૭/૩૨) ૨. ૧, ૨, ૩ (૮/૨૧-૨૩) ૩. ૨, ૩ (૨૯/૪૯-૫૦) ૪. ૨, ૩, ૪ (૨૩/૪૧)

❑ ❑ ❑